**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૧૧ |
| અમદાવાદ | ૧૮૮ |
| ગાંધીનગર | ૪૧ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૦૯ ૮ ઓકટોબર, ૨૦૨૦, ગુરુવાર; અ. આસો વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ડબલ્યુએચઓ : કોરોના વેક્સિન વર્ષના અંતે

**ડબલ્યુએચઓના ચીફનું આશા જન્માવનારું એલાન : ઓક્ટોબરના શરૂઆતના દિવસોમાં તેને રેગ્યુલેટરી દ્વારા મળવા સાથે વર્ષના અંત સુધીમાં કોવિડ-૧૯ની પ્રમાણિત વેક્સિન બજારમાં આવી જશે**

જીનિવા,તા.૭

કોરોના વાયરસ વેક્સીન અંગે વિશ્વ આરોગ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અધનોમ ઘેબિયસે મોટું એલાન કર્યું છે. જિનિવામાં તેમણે કહ્યું કે, આ વર્ષના અંત સુધીમાં કોરોના વાયરસની એક પ્રામાણિક રસી તૈયાર થઈ શકે છે. તેમણે વેકસીન ઉપલબ્ધ થતા સમાન વિતરણ સુનિશ્ચિત કરવા માટે તમામ નેતાઓ વચ્ચે એકજૂથતા અને રાજકીય પ્રતિબદ્ધતાનું આહ્વાન કર્યું. ટેડ્રોસે ડબલ્યુએચઓના કાર્યકારી બોર્ડની બેઠકમાં કહ્યું કે, આપણે વેક્સીનની જરૂર હશે અને આશા



છે કે, આ વર્ષના અંત સુધી આપણી પાસે એક વેક્સીન હોઈ શકે છે. અમને તેની આશા છે. આ બેઠકમાં ડબલ્યુએચઓ કોરોના વાયરસ મહામારીની વૈશ્વિક પ્રતિક્રિયાઓની તપાસ કરી રહ્યું છે. કોરોના વાયરસ અંગે સોમવારે થયેલી ડબલ્યુએચઓના ૩૪ સભ્યોની કાર્યકારી બોર્ડ મીટિંગમાં ડૉ માઈકલ રેયાને કહ્યું કે, શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં સંખ્યામાં પરિવર્તન થઈ શકે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, આનો મતલબ એવો નથી કે, દુનિયાની મોટાભાગની વસ્તી ખતરામાં છે. તેમણે કહ્યું કે, દુનિયાભરમાં દર ૧૦માંથી એક વ્યક્તિ કોરોનાથી સંક્રમિત થઈ શકે છે. દિગ્ગજ દવા નિર્માતા કંપની ફાઈજરને આશા છે કે, આ ઑક્ટોબરના શરૂઆતી દિવસોમાં તેને રેગ્યુલેટરી દ્વારા અપ્રૂવલ મળી જશે અને વર્ષના અંત સુધીમાં તે કોવિડ-૧૯ વેક્સીન બજારમાં ઉતારી દેશે. ફાઈજર પોતાની જર્મન ભાગીદાર બાયોએનટેકના સહયોગથી વેક્સીન વિકસાવી રહી છે. તેણે ૧૦ કરોડ ડોઝ માટે અમેરિકન સરકાર સાથે આશરે ૨ અબજ ડૉલરમાં પણ ડિલ પણ કરી છે. યૂરોપિયન મેડિસિન એજન્સીએ ગુરુવારે કહ્યું કે, તેણે

● અનુસંધાન પાન-૭ પર

## હાથરસ કાંડના બહાને રમખાણો માટે ૧૦૦ કરોડ રૂપિયાના વિદેશી ફંડિંગનો દાવો

**માત્ર મોરિશિયસથી ૫૦ કરોડ આવ્યા : ઇડીનો ખુલાસો**

**હાથરસ કાંડના બહાને ઉત્તર પ્રદેશમાં તોફાનો કરાવવાના કાવતરામાં તપાસ એજન્સીઓને મોટો પુરાવો હાથ લાગ્યો**

લખનઉ,તા.૭

હાથરસ કાંડના બહાને ઉત્તર પ્રદેશને તોફાનોમાં ધકેલવાના કાવતરામાં તપાસ એજન્સીઓને મોટો પુરાવો હાથ લાગ્યો છે. તપાસ એજન્સીઓને મળેલા પુરાવાથી એ વાતનો ખુલાસો થાય છે કે ઉત્તર પ્રદેશમાં તોફાનો કરાવવા માટે દેશ-વિદેશથી ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ ફંડિંગ થયું. સૂત્રો મુજબ, માત્ર મોરિશિયસથી ૫૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા. હવે હાથરસ કેસ સાથે જોડાયેલા તમામ મામલાઓને સીબીઆઈને હેન્ડઓવર કરવામાં આવશે. નોંધનીય છે કે હાથરસ કાંડના બહાને તોફાનો ફેલાવવાના કાવતરામાં ઉત્તર પ્રદેશના પાટનગર લખનઉ, હાથરસ સહિત અનેક પોલીસ સ્ટેશનોમાં ડઝનથી પણ વધી એફઆઈઆર નોંધાઈ છે. નોંધનીય છે કે, હાથરસ કાંડમાં પહેલા એસઆઈટી અને પછી સીબીઆઈ તપાસની ભલામણ બાદ આ મામલામાં ઈડીની પણ એન્ટ્રી થઈ ગઈ છે. હાથરસને લઈ બનાવવામાં આવેલી વેબસાઈટ



● અનુસંધાન પાન-૭ પર

# શોપિયાંમાં સેના દ્વારા ત્રણ આતંકી ઠાર

શોપિયાં,તા.૭

જમ્મુ-કાશ્મીર સ્થિત શોપિયાંમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. મળતી માહિતી મુજબ શોપિયાંના સુજાન જૈનાપોરા વિસ્તારમાં આ એન્કાઉન્ટરમાં ત્રણ આતંકવાદી ઠાર મરાયા છે. જમ્મુ-કાશ્મીર પોલીસે જણાવ્યું કે શોપિયાંના સુજાન વિસ્તારમાં સુરક્ષા દળોની સાથે એન્કાઉન્ટરમાં બે આતંકવાદી ઠાર મરાયા. ઓપરેશન હજુ ચાલી રહ્યું છે.

મળતી માહિતી મુજબ કાલ સાંજથી જ આ ઓપરેશન ચાલી રહ્યું હતું. માર્યા ગયેલા ત્રણ આતંકવાદીઓમાં એક ટૉપ કમાન્ડર છે. સુરક્ષા દળોને અત્યાર સુધીમાં બે લાશો મળી આવી છે. એક પોલીસ પ્રવક્તાએ કહ્યું કે સુરક્ષા દળોએ શોપિયાં જિલ્લાના જૈનપોરા વિસ્તારમાં સુગન ગામમાં આતંકવાદીઓ હાજરીની સૂચના મળ્યા બાદ સર્ચ ઓપરેશન અભિયાન ચલાવ્યું.

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- મણીપુર અને નાગાલેન્ડના પૂર્વ ગવર્નર અશ્વિનીકુમારનો મૃતદેહ તેમના રૂમમાંથી લટકતી હાલતમાં મળી આવ્યો. તેઓ સીબીઆઈના પૂર્વ ડાયરેક્ટર પણ હતા.
- બિહારમાં જેડીયુએ ૧૧૫ ઉમેદવારોની યાદી જાહેર કરી.
- ભાજપે મધ્યપ્રદેશની પેટાચૂંટણી માટે ૨૮ ઉમેદવારોની જાહેરાત કરી.
- ભરૂચ સરદાર બ્રિજ પર ફરી ટ્રાફીક જામ થતાં ૪ કિ.મી. લાંબી લાઈનો લાગી.
- અંબાણી પરિવારે ઉત્તરાખંડ ચારધામ દેવસ્થાન બોર્ડને ૫ કરોડ રૂપિયા દાન આપ્યું

## બોમ્બે હાઈકોર્ટે અભિનેત્રી રિયા ચક્રવર્તીને શરતી જામીન આપ્યા

**રિયા ચક્રવર્તી એક મહિના બાદ જેલથી બહાર આવશે**

મુંબઈ,તા.૭

ડ્રગ્સ કેસમાં જેલમાં બંધ એક્ટ્રેસ રિયા ચક્રવર્તીને બોમ્બે હાઈકોર્ટે જામીન આપ્યા છે. જસ્ટિસ સારંગ વી કોટવાલે આજે રિયા ચક્રવર્તીના જામીન મંજૂર કર્યા છે જ્યારે તેના ભાઈ શોવિક ચક્રવર્તીના જામીનના મંજૂર કર્યા છે. કોર્ટે રિયા ચક્રવર્તીને ૧ લાખ રૂપિયાના પર્સનલ બોન્ડ પર મુક્ત કરી છે. રિયાએ એક મહિનાની અંદર આ રકમ જમા કરાવવાની રહેશે. રિયાએ કોર્ટ સમક્ષ પાસપોર્ટ જમા કરાવવો પડશે અને મુંબઈની બહાર જવા માટે મંજૂરી લેવી પડશે. જ્યારે પણ રિયાને પૂછપરછ માટે બોલાવવામાં આવે તેણે હાજર થવું પડશે. ઉપરાંત રિયાએ જેલમાંથી છૂટ્યા બાદ ૧૦ દિવસ સુધી નજીકના પોલીસ સ્ટેશનમાં નિયમિત હાજરી પુરાવી પડશે. ઉલ્લેખનીય છે કે, સુશાંત સિંહ રાજપૂતના મોત કેસમાં તપાસ દરમિયાન સામે આવેલા ડ્રગ્સ કેસમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ ૮ સપ્ટેમ્બરના રોજ રિયાની જ્યારે ૪ સપ્ટેમ્બરે તેના ભાઈ શોવિક ચક્રવર્તીની ધરપકડ કરી હતી. મંગળવારે રિયા અને શોવિકની જ્યૂડિશિયલ કસ્ટડી સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે ૨૦ ઓક્ટોબર સુધી લંબાવી હતી. રિયા ચક્રવર્તી છેલ્લા એક મહિનાથી ભાયખલા જેલમાં બંધ છે જ્યારે તેનો ભાઈ શોવિક તાલોજા સેન્ટ્રલ જેલમાં છે.

# ધરણાં પ્રદર્શન માટે સાર્વજનિક સ્થળોને ઘેરવા ગેરકાયદે : સુપ્રિમ

**શાહીન બાગ વિરોધ પ્રદર્શન કેસમાં સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચુકાદો : બંધારણ વિરોધનો અધિકાર આપે છે, પરંતુ તે કર્તવ્યો સાથે જોડાયેલો રહેવો જોઇએ, આવવા-જવાનો અધિકાર જરૂરી, આંદોલનો માટે ચોક્કસ સ્થળો નક્કી હોવાં જોઇએ**

ન્યુ દિલ્હી,તા.૭

સુપ્રીમ કોર્ટે બુધવારે શાહીન બાગ વિરોધ પ્રદર્શન કેસમાં સુનાવણી કરીને કહ્યુ કે શાહીન બાગ કેસમાં અમે બે સભ્યોની સમિતિ બનાવી હતી જેણે રિપોર્ટ પણ આપ્યો હતો પરંતુ તેમછતાં વિરોધ પ્રદર્શન સતત ચાલુ રહ્યા. આનાથી લોકોને ઘણી મુશ્કેલી થઈ. સુપ્રીમ કોર્ટે કહ્યુ કે સામાન્ય રસ્તાને અનિશ્ચિત કાળ સુધી રોકી ન શકાય, વિરોધ પ્રદર્શનનો અધિકાર માત્ર નિર્દિષ્ટ ક્ષેત્રોમાં જ કરી શકાય છે. તમને જણાવી દઈએ કે સીએએ અને એનઆરસી માટે ગયા વર્ષે ડિસેમ્બરમાં દિલ્લીના શાહીન બાગમાં જોરદાર વિરોધ પ્રદર્શન થયા. દિલ્લી-નોઈડાના રસ્તા પર થયેલ વિરોધ પ્રદર્શનના કારણે મહિનાઓ સુધી રસ્તો બંધ કરવો પડ્યો. જેનાથી સામાન્ય નાગરિકને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.



ન્યાયાધીશ સંજય કિશન કૌલે કહ્યુ, 'અદાલત કાર્યવાહીની માન્યતાને માને છે અને તેનો અર્થ પ્રશાસને ટેકો આપવાનો નથી. દૂર્ભાગ્યથી પ્રશાસન દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને આ રીતે અમારે હસ્તક્ષેપ કરવો પડ્યો. ઉપયુક્ત કાર્યવાહી

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં ૨૪ કલાકમાં ૭૨ હજારથી વધુ સંક્રમિત

**દેશમાં કોરોના સંક્રમિતોનો આંક ૬૭ લાખને પાર : છેલ્લા ૨૪ કલાકમાં ૯૮૬ના મોત : ૧.૦૪ લાખ દર્દીઓનાં મોત**



લખનઉ,તા.૭

સતત સાત દિવસથી ઘટી રહેલા કોરોનાના કેસોમાં બુધવારે વધારો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૨,૦૪૯ પોઝિટિવ કેસ મળી આવ્યાં છે. જ્યારે આજ સમયગાળા દરમિયાન વધુ ૯૮૬ લોકોના મરણ નોંધાયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, નવા કેસ ઉમેરાવા સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૬૭,૫૭,૧૩૨ પર પહોંચી ગઈ છે. જ્યારે અત્યાર સુધીમાં જીવલેણ વાઈરસ ૧,૦૪,૫૫૫ લોકોને ભરખી ચૂક્યો છે. જો કે રાહતની વાત એ છે કે, દેશમાં એક્ટિવ કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. હાલ દેશમાં ૯,૦૭,૮૮૩ એક્ટિવ કેસ છે. જ્યારે ૫૭,૪૪,૬૯૪ લોકો કોરોનાને માત આપવામાં સફળ રહ્યાં છે. એટલે કે, આટલા લોકો કોરોનાની સારવાર બાદ સ્વસ્થ થઈ જતાં તેમને રજા આપી દેવામાં આવી છે.

# સતત પાંચમા દિવસે શેરબજારમાં તેજી

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રી-યુએસ ચૂંટણીની ઉત્તેજના વચ્ચે તેજી : સેન્સેક્સ ૪૦,૦૦૦ નજીક : સોનામાં ૪૨૫ અને ચાંદીમાં ૬૫૦નો ઘટાડો**

મુંબઈ,તા.૭

આજે પ્રારંભિક ટ્રેડિંગમાં ઘટાડો થયા પછી સપ્તાહના ત્રીજા વેપારના દિવસે એટલે કે બુધવારે ઘરેલું શેરબજારમાં રોનક આવી અને વધારા સાથે બંધ થયું. સેન્સેક્સ-નિફ્ટી જોરદાર રીતે બંધ થયા ત્યારે આ સતત પાંચમાં ટ્રેડિંગ સેશન છે. બોમ્બે સ્ટોક એક્સચેંજનો મુખ્ય સૂચકાંક સેન્સેક્સ ૦.૭૭ ટકાના વધારા સાથે ૩૦૪.૩૮ પોઈન્ટ વધીને ૩૯૮૭૮.૯૫ પર બંધ રહ્યો છે. તો નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૦.૬૬ ટકા (૭૬.૪૫ પોઈન્ટ) વધીને ૧૧૭૩૮.૮૫ પર બંધ રહ્યો છે. દિગ્ગજ શેરોની વાત કરીએ તો આજે ટાઈટન, બજાજ ઓટો, હીરો મોટોકોર્પ, મારુતિ, રિલાયન્સ, ઓએનજીસી, શ્રી સિમેન્ટ વિપ્રો અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેર લીલા નિશાન પર બંધ થયા છે. બજાજ ફાઈનાન્સ, બીપીસીએલ, ટાટા મોટર્સ, હિંડાલ્કો, પાવર ગ્રીડ, એનટીપીસી, સન ફાર્મા, ગેઈલ, કોલ ઈન્ડિયા અને ટાટા સ્ટીલના શેર લાલ નિશાન પર બંધ થયા છે. સેક્ટોરલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો આજે મેટલ, ફાર્મા, પીએસયુ બેંકો, મીડિયા અને રિયલ્ટી સિવાય તમામ સેક્ટર ગ્રીન માર્ક પર બંધ થયા છે. જેમાં એફએમસીજી, ઓટો, ખાનગી બેંકો, આઈટી, ફાઈનાન્સ સર્વિસીસ અને બેંકોનો સમાવેશ થાય છે.

## વિશ્વના ૩૯ શક્તિશાળી દેશોએ ડ્રેગનને આડે હાથ લીધું

**યુએનમાં ચીનની આબરૂના ધજાગરા : શિનજિયાંગ અને તિબ્બતની માનવાધિકાર પોલીસી વિશે થયેલા મંથનમાં ચીનને પછડાટ ખાવાનો વારો આવ્યો**

નવી દિલ્હી,તા.૭

દુનિયાના સૌથી મોટા મંચ પર ચીનને જોરદાર લપડાક પડી છે.સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં હોંગકોંગ, તિબ્બત અને ઘરઆંગણે ઉઈગર મુસલમાનોના માનવાધિકારને કચડી નાખવાના મુદ્દે લાંબા સમયથી દુનિયાની ટીકાનો સામનો કરી રહેલા ચીન વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રના અધિવેશનમાં ૩૯ દેશોએ અવાજ ઉઠાવતા ફટકાર લગાવી છે. યુએન સમિટમાં લગભગ ૪૦ પશ્ચિમ દેશોએ ચીની એચઆર પોલીસી અને લઘુમતી સમુદાયોની સાથે ચીનના વર્તનને લઈને શી જિનપિંગની સરકારને આડે હાથ લીધી. શિનજિયાંગ અને તિબ્બતની માનવાધિકાર પોલીસી વિશે થયેલા મંથનમાં ચીનને પછડાટ ખાવાનો વારો આવ્યો. મંગળવારે આયોજિત આ સમિટમાં હોંગકોંગમાં લાગુ કરાયેલા ચીનના નવા વિવાદિત રાષ્ટ્રીય સુરક્ષા કાયદાના પ્રભાવ ઉપર પણ ગંભીર ચિંતા વ્યક્ત કરાઈ. અમેરિકા, યુરોપીયન

● અનુસંધાન પાન-૭ પર

